# મૂલ્યાંકન માર્ગરેખા

3 - 21 વર્ષના બાળકોવાળા કુટુંબો માટે

*- વધારાની માહિતી માટે આ આઇકોન્સ પર આરપાર ક્લિક કરો.*

**1** **તમને તમારા બાળકના શિક્ષણ વિશે ચિંતાઓ છે**

તમારા બાળકના શિક્ષક અથવા ડિસ્ટ્રિક્ટ માટેના સ્પેશિયલ એજ્યુકેશન ડાઇરેક્ટર સાથે વાત કરો.

**2** **હસ્તક્ષેપ વિરુદ્ધ મૂલ્યાંકન વિનંતી**

સ્કૂલ ડિસ્ટ્રિક્ટ્સ માટે સંઘર્ષ કરતા બધાં વિદ્યાર્થીઓને મદદ કરવા તેઓનું શિક્ષણ અનુકૂળ કરવું અનિવાર્ય છે. મૂલ્યાંકનની વિનંતીઓ હસ્તક્ષેપ જેવી સરખી હોતી નથી.

માતા-પિતાના અધિકારો

**3** **મૂલ્યાંકન માટેની વિનંતી**

તમે કોઇપણ સમયે ખાસ શિક્ષણ મૂલ્યાંકન માટે વિનંતી કરી શકો છો.

30 દિવસ

**ડિસ્ટ્રિક્ટને અશક્તતાની શંકા નથી**

સામાન્ય શિક્ષણ ચાલુ રાખવું ...

અથવા વિવાદ ઉકેલ વિકલ્પ અનુસરવો ઓહાયો ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશન મારફતે" આ લિંકથી.

**4** અશક્તતા શંકાસ્પદ હોય છે

**મૂલ્યાંકન માટેની સંમતિ**

PR–05

PR–01

60 દિવસ

**5** **મૂલ્યાંકન પ્રક્રિયા**

લાયકાત ધરાવતા લોકોની ટૂકડી, માતા-પિતા સહિત, બધાં ચિંતાકીયક્ષેત્રોમાં મૂલ્યાંકન માટેનું આયોજન કરવા ભેગી થશે

PreK

સ્કૂલ ઉંમર

**6** **પ્રારંભિક મૂલ્યાંકન ટીમ રિપોર્ટ પૂર્ણ**

માતા-પિતાઓ સહિતની, ટીમ, પરિણામોની સમીક્ષા કરવા મળશે.

**7** **પાત્રતા નિર્ધારણ**

30 દિવસ

**બાળક પાત્ર ન હોવાનું પાત્રતા ટીમ નિર્ધારિત કરે છે**

સામાન્ય શિક્ષણ ચાલુ રાખો

PR–02

ETR

**8** **વિકસાવેલ પ્રારંભિક IEP**

જો ટીમ, માતા-પિતાઓ સહિતની, નિર્ધારિત કરે કે બાળક પાત્ર છે તો, IEP વિકસાવવામાં આવશે

IEP

**9** **અમલમાં મૂકેલ પ્રારંભિક IEP**

ડિસ્ટ્રિક્ટે વિદ્યાર્થીના IEP માં સમાવેલી સર્વિસીસ પૂરી પાડવી અનિવાર્ય છે.

Ohio | Department of Education

# મૂલ્યાંકન માર્ગરેખા

3 - 21 વર્ષના બાળકોવાળા કુટુંબો માટે

## 1. તમને તમારા બાળકના શિક્ષણ વિશે ચિંતાઓ છે

- જો તમને તમારા બાળકના શિક્ષણ, વિકાસ કે કામગીરી વિશે ચિંતાઓ હોય તો, તમે તમારા બાળકના શિક્ષક સાથે વાત કરી શકો છો. તમે ડિસ્ટ્રિક્ટ માટેના સ્પેશિયલ એજ્યુકેશન ડાઇરેક્ટર સાથે પણ વાત કરી શકો છો. જો તમે અચોક્કસ હો કે આ વ્યક્તિ કોણ છે તો, તમે બોર્ડ ઓફિસનો સંપર્ક કરીને નામ અને સંપર્ક માહિતી માટે પૂછી શકો છો. તમે તમારા બાળકનાપ્રિન્સિપાલ સાથે વાત કરી શકો છો.
- પ્રીસ્કૂલ (ઉંમર 3-5) માટે, પહેલું પગલું એ જોવાનું છે કે શું તમારું બાળક કામગીરીલક્ષી, વિકાસલક્ષી, અને/અથવા શૈક્ષણિક તત્પરતા ક્ષેત્રોમાં કોઈ વિલંબ કરે છે, અને સ્કૂલ ડિસ્ટ્રિક્ટનો પણ સંપર્ક કરવો જ્યાં તમે, તમારા માતા-પિતા રહેતા હો.  મોટા ભાગની સ્કૂલ ડિસ્ટ્રિક્ટ સંપર્ક માહિતી ડિસ્ટ્રિક્ટની વેબસાઇટ પર જોઈ શકાય છે.

## 2. હસ્તક્ષેપો વિરુદ્ધ મૂલ્યાંકન વિનંતી

- **હસ્તક્ષેપ:** સ્કૂલ ડિસ્ટ્રિક્ટ્સે એ રીતે શિક્ષણ પૂરું પાડવું અનિવાર્ય છે જે બધાં વિદ્યાર્થીઓને શીખવામાં મદદરૂપ થાય. સંઘર્ષ કરતા વિદ્યાર્થીઓને મદદ કરવા શિક્ષણ અનુકૂળ કરવાની વ્યૂહરચનાઓને હસ્તક્ષેપો કહેવામાં આવે છે અને આ બધાં વિદ્યાર્થીઓ માટે છે (માત્ર ખાસ શિક્ષણના નહીં).
- **મૂલ્યાંકન વિનંતી:** ખાસ શિક્ષણ માટે મૂલ્યાંકન કરવાની વિનંતી હસ્તક્ષેપો જેવી સરખી હોતી નથી. હસ્તક્ષેપો મૂલ્યાંકન પહેલાં કે મૂલ્યાંકન દરમિયાન હાથ ધરવા રહ્યાં. સ્કૂલ ડિસ્ટ્રિક્ટ મૂલ્યાંકનનો વિલંબ કરવા હસ્તક્ષેપોનો ઉપયોગ ન કરે તેવું બની શકે. જો હસ્તક્ષેપો ન કરવામાં આવે તો, તે મૂલ્યાંકનની જેમ સરખા સમયે થવા રહ્યાં.

માર્ગરેખામાં પાછાં જાવ

# મૂલ્યાંકન માર્ગરેખા

3 - 21 વર્ષના બાળકોવાળા કુટુંબો માટે

## 3. મૂલ્યાંકન માટેની વિનંતી

- જો તમને શંકા હોય કે તમારું બાળક અશક્ત છે તો, તમે ખાસ શિક્ષણ મૂલ્યાંકનની વિનંતી કરી શકાય છે. આ લેખિતમાં હોવું જરૂરી નથી; જોકે, તમારા પોતાના રેકોર્ડ્સ માટે વિનંતીની તારીખનું દસ્તાવેજીકરણ કરવું સારી વાત છે.
- પ્રીસ્કૂલ માટે, તમે માતા-પિતા તરીકે તમારા સ્કૂલ ડિસ્ટ્રિક્ટમાં ખાસ શૈક્ષણિક કર્મચારીઓનો સંપર્ક કરો ત્યારે, તમે એ નિર્ધારિત કરવા મૂલ્યાંકન માટેની વિનંતીની શરૂઆત કરી શકો છો કે શું તમારું બાળક પ્રીસ્કૂલ ખાસ શૈક્ષણિક સેવાઓ મેળવવાને પાત્ર છે અને કયા કાર્યક્રમો તેમની કે તેણીની વ્યક્તિગત જરૂરિયાતોમાં શ્રેષ્ઠ બંધબેસી શકે છે.
- ડિસ્ટ્રિક્ટ પાસે તમારી વિનંતીનો જવાબ આપવા વિનંતી મળ્યાની તારીખથી 30 કેલેન્ડર દિવસોનો સમય હોય છે. ડિસ્ટ્રિક્ટે કાં તો તમને અગાઉથી લેખિત નોટિસ (PR-01 કહેવાતી) મોકલવી જોઇએ કે ડિસ્ટ્રિક્ટને અશક્તતાની શંકા નથી (ફોર્મને જોડતી લિંક) અથવા ડિસ્ટ્રિક્ટ મૂલ્યાંકન કરવા તમારી સંમતિ મેળવતું નથી. ડિસ્ટ્રિક્ટ તમને ખાસ શિક્ષણ કાર્યપદ્ધતિલક્ષી અગમચેતીઓની નોટિસની નકલ પૂરી પાડશે જેનું શીર્ષક છે, "ખાસ શિક્ષણમાં માતા-પિતાના અધિકારોને લગતી માર્ગદર્શિકા."
- ડિસ્ટ્રિક્ટને હસ્તક્ષેપો કરવાના હેતુસર મૂલ્યાંકનનો વિલંબ કરવાની છૂટ નથી. જો ડિસ્ટ્રિક્ટે મૂલ્યાંકન પહેલાં હસ્તક્ષેપો ના કર્યા હોય તો, ડિસ્ટ્રિક્ટે મૂલ્યાંકનના સમયે હસ્તક્ષેપો કરવા રહ્યાં.
- જો ડિસ્ટ્રિક્ટને અશક્તતાની શંકા ના હોય તો, તમારું બાળક સામાન્ય શિક્ષણ ચાલુ રાખશે. જો તમે ડિસ્ટ્રિક્ટના નિર્ણય સાથે અસંમત હો તો, તમે ઓહાયો ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશન"ની  આ લિંકમારફતે વિવાદ ઉકેલ વિકલ્પ અનુસરી શકો.

## 4. મૂલ્યાંકન માટેની સંમતિ

- જો ડિસ્ટ્રિક્ટને અશક્તતાની શંકા હોય તો, તે તમારી લેખિત સંમતિ મેળવશે (સંમતિપત્રને PR-05 કહેવાય છે: મૂલ્યાંકન માટે માતા-પિતાની સંમતિ) ((સંમતિપત્રની લિંક ). તમારી સંમતિની તારીખથી, ડિસ્ટ્રિક્ટ પાસે મૂલ્યાંકન પૂરું કરવા 60 કેલેન્ડર દિવસોનો સમય હશે.
- પ્રીસ્કૂલ માટે, એ નોંધવું મહત્વપૂર્ણ છે કે જો તમારું 3-5 વર્ષનું બાળક પ્રીસ્કૂલ પ્રોગ્રામમાં ક્યારેય ભણ્યું ન હોય, અથવા બાળકે IDEA પાર્ટ C (શરૂઆતી હસ્તક્ષેપ)માંથી ભાગ B (ખાસ શિક્ષણ)માં સંક્રમણ ન કર્યું હોય તો, એ તદ્દન શક્ય છે કે સ્કૂલ ડિસ્ટ્રિક્ટને હસ્તક્ષેપો પૂરા પાડવા કોઈ તક રહી ન હોય. હસ્તક્ષેપોની જરૂર માત્ર પ્રીસ્કૂલ બાળકોને પડે છે જો બાળકે IDEA નાં પાર્ટ C અને/અથવા પાર્ટ હેઠળ સર્વિસીસ મેળવી હોય અથવા બાળકનું મૂલ્યાંકન શીખવામાં ચોક્કસ અશક્તતાની શંકાસ્પદ અશક્તતા શ્રેણી હેઠળ કરવામાં આવતું હોય. જો ભલામણ પહેલાં હસ્તક્ષેપો પૂરા પાડવામાં આવ્યા ના હોય તો, સ્કૂલ ડિસ્ટ્રિક્ટ એ જ સાઇઠ દિવસના સમયગાળા દરમિયાન યોગ્ય હસ્તક્ષેપોનો અમલ કરી શકે જે દરમિયાન સ્કૂલ ડિસ્ટ્રિક્ટ નીચેના એક કે વધારે વિકાસલક્ષી ક્ષેત્રોમાં નોંધપાત્ર વિલંબો અનુભવતા કોઇ પ્રીસ્કૂલ બાળક માટેની ચિંતાઓ ઉકેલવા પૂરેપૂરું અને વ્યક્તિગત મૂલ્યાંકન કરે, અને તે કારણસર ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓની જરૂર હોય: અનુકૂલનશીલ વર્તણૂક, સમજશક્તિ, વાતચીત, સાંભળવું, દૃષ્ટિ, સંવેદનાત્મક/શારીરિક ક્રિયાઓ, સામાજિક/ભાવનાત્મક કાર્ય અને/અથવા વર્તણૂકલક્ષી કાર્ય. સ્કૂલ ડિસ્ટ્રિક્ટ આ હસ્તક્ષેપોનો ખાસ શૈક્ષણિક સેવાઓ માટે પાત્રતા નિર્ધારિત કરવા બાળકના મૂલ્યાંકનને બિનજરૂરી વિલંબ કરવા ઉપયોગ ના કરે તેવું બની શકે.

માર્ગરેખામાં પાછાં જાવ

# મૂલ્યાંકન માર્ગરેખા

3 - 21 વર્ષના બાળકોવાળા કુટુંબો માટે

## 5. મૂલ્યાંકન પ્રક્રિયા

- જો ડિસ્ટ્રિક્ટ નિર્ધારિત કરે કે બાળકનું મૂલ્યાંકન કરવામાં આવશે તો, લાયક લોકોની ટીમ, માતા-પિતા તરીકે તમારા સહિત, શંકાસ્પદ અશક્તતા શ્રેણીઓ અને એ ક્ષેત્રોની ચર્ચા કરશે જેનું મૂલ્યાંકન કરવાની જરૂર હોય. આ બધાંનું દસ્તાવેજીકરણ ઇવેલ્યુએશન ટીમ રિપોર્ટ (ETR) પ્લાનિંગ ફોર્મ પર કરવું રહ્યું, જેમાં પ્રીસ્કૂલ અને સ્કૂલ એજ માટે જુદી જુદી આવૃત્તિઓ હોય છે. (પ્રીસ્કૂલની લિંક) (સ્કૂલ ઉંમરની લિંક)
- તમારા બાળકને કઇ સહાયતાઓ સૌથી વધારે મદદરૂપ થશે તે નિર્ધારિત કરવામાં મદદરૂપ થવા બધાં જરૂરી ક્ષેત્રોનું મૂલ્યાંકન કરવું જોઇએ.
- ડિસ્ટ્રિક્ટ પાસે તેઓ ઉપયોગમાં લેવાના હોય તે ચોક્કસ મૂલ્યાંકનોનું નામ નથી, બસ મૂલ્યાંકન કરવાની યોજના હોય તે વિસ્તાર હોય છે. પ્રીસ્કૂલ માટે, દરેક વિકાસલક્ષી વિસ્તારનું મૂલ્યાંકન કરવું રહ્યું.
- કોઇપણ મૂલ્યાંકનો કરાય તે પહેલાં આ આયોજન બેઠક હાથ ધરવી રહી. માતા-પિતા તરીકે તમે આ ટીમમાં સક્રિય રહેવાના છો જેથી કરવાના મૂલ્યાંકનો નક્કી કરવામાં મદદ મળી રહે.
- પ્રીસ્કૂલ માટે, ઓછાંમાં ઓછી 5 મૂલ્યાંકન પદ્ધતિઓ/ડેટા સ્ત્રોતમાંની એકનો ઉપયોગ કરીને દરેક વિકાસલક્ષી વિસ્તારનું મૂલ્યાંકન કરવું રહ્યું. અને દરેક મૂલ્યાંકન પદ્ધતિ/ડેટા સ્ત્રોતનો ઉપયોગ ઓછાંમાં ઓછો એક વખત કરવો રહ્યો. • યાદ રાખશો કે મૂલ્યાંકન પૂરતું વ્યાપક હોવું રહ્યું જેથી બાળકની બધી ખાસ શૈક્ષણિક અને સંબંધિત સેવા જરૂરિયાતોને ઓળખી શકાય, પછી ભલે તે બાળકનું વર્ગીકરણ કરાયું હોય તેવી અશક્તતા શ્રેણી સાથે સામાન્ય રીતે સાંકળેલી હોય કે નહીં.

## 6. પૂર્ણ કરેલ પ્રારંભિક મૂલ્યાંકન ટીમ રિપોર્ટ

- માતા-પિતા તરીકે, તમે પેરન્ટ ઇન્વિટેશન (જે PR-02 તરીકે ઓળખાય છે) મેળવશો જેથી મૂલ્યાંકન ડેટા અને કરેલા દરેક મૂલ્યાંકનના સારાંશની સમીક્ષા કરી શકાય. PR-02 માં કયું ડિસ્ટ્રિક્ટ બેઠકમાં લાવવામાં આવશે તેનો ઉલ્લેખ કરવો રહ્યો. માતા-પિતા તરીકે, તમે બેઠકમાં તમારી સાથે કોઇપણ વ્યક્તિને પણ લાવી શકો છો.
- વ્યાવસાયિકો અને માતા-પિતાની ટીમ સાથે મળીને મૂલ્યાંકન પરિણામોની સમીક્ષા કરશે અને નિર્ધારિત કરશે કે શું બાળક અશક્તતા ધરાવતું બાળક છે કે કેમ. (ETR ફોર્મની લિંક)

માર્ગરેખામાં પાછાં જાવ

# મૂલ્યાંકન માર્ગરેખા

3 - 21 વર્ષના બાળકોવાળા કુટુંબો માટે

## 7. પાત્રતા નિર્ધારણ

- જો માતા-પિતા તરીકે તમારા સહિતની ટીમ ખાસ શૈક્ષણિક સેવાઓ માટે પાત્ર બનવાની હોય તો, તે પાત્રતા શ્રેણી નિર્ધારિત કરશે. જો ટીમ તમારા બાળકને પાત્ર ના જુએ તો, તમારું બાળક માત્ર સામાન્ય શિક્ષણ અભ્યાસક્રમ ચાલુ રાખશે. કોઇપણ ટીમ સભ્ય, માતા-પિતા સહિત, ટીમના નિર્ધારણ સાથે અસંમતિનું કથન રજૂ કરી શકે. જો તમારું બાળક પાત્ર હોવાનું જોવામાં ના આવે તો, તમે સ્વતંત્ર શૈક્ષણિક મૂલ્યાંકનની વિનંતી કરી શકો. IEE માતા-પિતા માટે બહારના વ્યવસાયી રાખવાની, ડિસ્ટ્રિક્ટ દ્વારા નિયુક્ત ના હોય તેઓ માટે, ખાનગી શૈક્ષણિક મૂલ્યાંકન કરવાની તક છે.
- પ્રીસ્કૂલ માટે, જો તમારું બાળક પાત્ર ન જોવામાં આવે અને હાલમાં પ્રીસ્કૂલ પ્રોગ્રામમાં પ્રવેશ ન મેળવ્યો હોય તો, ડિસ્ટ્રિક્ટ ઉપલબ્ધ હોઇ શકતા વૈકલ્પિક સ્થાનિક અને/અથવા સ્કૂલ ડિસ્ટ્રિક્ટ સંચાલિત પ્રીસ્કૂલ પ્રોગ્રામ્સની યાદી પૂરી પાડી શકે.

## 8. વિકસાવેલ પ્રારંભિક IEP

- જો માતા-પિતા તરીકે તમારા સહિતની ટીમ નિર્ધારિત કરે કે તમારું બાળક ખાસ શિક્ષણ માટે પાત્ર છે તો, ડિસ્ટ્રિક્ટ પાસે ઇન્ડિવિજ્યુઅલાઇઝ્ડ પ્રોગ્રામ (IEP) વિકસાવવા 30 દિવસ રહે છે. . (IEP ફોર્મની લિંક)
- IEP માં પ્રગતિ જે રીતે માપવામાં આવશે તેની સાથે સાથે માપી શકાતા લક્ષ્યો અને હેતુઓ સાથે તમારા બાળકના ઇવેલ્યુએશન ટીમ રિપોર્ટ (ETR) માં ઓળખેલી વ્યક્તિલક્ષી જરૂરિયાતોને પહોંચી વળવા ખાસ ડિઝાઇન કરેલું શિક્ષણ સામેલ હોવું રહ્યું.
- IEP ટીમ માતા-પિતા તરીકે તમે, બાળકના નિયમિત શિક્ષણ શિક્ષક (જો બાળકના એક શિક્ષક હોય), ઓછાંમાં ઓછાં એક ખાસ શિક્ષણ શિક્ષક, એક ડિસ્ટ્રિક્ટ પ્રતિનિધિ, મૂલ્યાંકન પરિણામોનું અર્થઘટન કરી શકે તેવી વ્યક્તિ અને તમે અથવા ડિસ્ટ્રિક્ટમાંથી કોઇપણ જેની માન્યતા પ્રમાણે જેને બાળકનું જ્ઞાન હોય અથવા બાળકમાં રસ હોય.
- પ્રીસ્કૂલ માટે, જરૂરી IEP ટીમ સભ્યોમાં સામેલ છે: માતા-પિતા, સામાન્ય શિક્ષણ શિક્ષક, ખાસ શિક્ષણ શિક્ષક/પૂરું પાડનાર અને ડિસ્ટ્રિક્ટ પ્રતિનિધિ.
- પ્રારંભિક IEP માટે, તમારે માતા-પિતા તરીકે સેવાઓની સંમતિ આપવી રહી. જો તમે સંમતિ ના આપો તો, તમારું બાળક IEP સેવાઓ મેળવશે નહીં.
- તમારી સંમતિની જરૂર માત્ર પ્રારંભિક IEP (અથવા શૈક્ષણિક નિયુક્તિમાં કોઇ ફેરફાર) માટે પડતી હોવા છતાં, સ્કૂલ ડિસ્ટ્રિક્ટ્સ માટે તમે બધી IEP બેઠકોમાં હાજર રહો અને સહભાગી થાવ તે માટે આમંત્રણ આપવું અનિવાર્ય બને છે. તમારી પાસે તમારા બાળકના IEP માટે સંમતિ કોઇપણ સમયે પાછી ખેંચવાનો અધિકાર રહે છે.

માર્ગરેખામાં પાછાં જાવ

# મૂલ્યાંકન માર્ગરેખા

3 - 21 વર્ષના બાળકોવાળા કુટુંબો માટે

## 9. અમલમાં મૂકેલ પ્રારંભિક IEP

- ડિસ્ટ્રિક્ટ્સ માટે તમારા બાળકના IEP માં સમાવેલી સેવાઓ પૂરી પાડવી અનિવાર્ય છે.
- દરેક સ્કૂલ ડિસ્ટ્રિક્ટે ફ્રી એપ્રોપ્રિએટ પબ્લિક એજ્યુકેશન (FAPE) દરેક અશક્ત બાળકને લીસ્ટ એન્વાયરોનમેન્ટ (LRE) માં પૂરું પાડવામાં આવતું હોવાની ખાતરી કરી રહી. પ્રીસ્કૂલ માટે, આ એ ધ્યાનમાં લીધા વગર હોય છે કે શું ડિસ્ટ્રિક્ટ પોતાના જાહેર સામાન્ય શરૂઆતી બાળપણ કાર્યક્રમો કે અન્ય શૈક્ષણિક સંસ્થાઓ સાથેના કરારોનું સંચાલન કરે છે કે કેમ.

માર્ગરેખામાં પાછાં જાવ